eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 158**
**August 29, 2008**

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) ખાતે આવેલ લાભુબાનગર સોસાયટીના સી.ઓ.પી. માં મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામ નું ડીમોલીશન
ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ), ફા.પ્લોટ નં.૧૦૮ ઓપન સ્પેસમાં રીઝર્વેશનમાં ૨૦ જેટલી દુકાનો ડિમોલીશન કરી હસ્તગત કરવાની કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કતલખાના બંધ રહેવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિ નર્મદ જન્મ જયંતીની ઉજવણી



સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિનર્મદ જન્મ જયંતી નિમિત્તે તા. ૨૪–૦૮–૨૦૦૮ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સાંસ્કૃતિક કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા માટે તા.૨૬.૮.૨૦૦૮ના રોજ રંગઉપવન ચં.ચી.મહેતા નાટયગૃહ, સુરત ખાતે વર્ષા ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં કુલ ૭૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતીબેન કોઠીયા,સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ



ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આકારણી વિભાગની એરીયા બેઈઝડ આકારણી બાબત

સને ૧૮૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમમાં એરીયા બેઈઝડ આકારણી અંગે રાજય સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ સુધારો ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા સામાન્ય સભાના તા. ૧૫–૦૨–૨૦૦૭ ના ઠરાવ નં. ૯/૨૦૦૭ અન્વયે તા. ૧–૦૪–૨૦૦૮ થી નવી આકારણીની પધ્ધતિ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## એરિયા બેઈઝડ આકારણીના સંદર્ભે મા. મેયરશ્રીનુ સૂચન

આજરોજ એરિયા બેઈઝડ આકારણીના સંદર્ભે શહેરીજનો મારફત થતી ફરિયાદોના નિવારણ માટે માનનીય મેયરશ્રીના અધ્યક્ષસ્થાને એક તાકીદની મીટીંગનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી તેમજ શાસક પક્ષના નેતાશ્રી હાજર રહયા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>



## કતારગામ (સીંગણપોર) ખાતે તરણકુંડની ઉદ્ઘાટનવિધિ તા.૨૭–૦૮–૨૦૦૮નાં રોજ

સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ (સીંગણપોર) ખાતે તરણકુંડની ઉદ્ઘાટનવિધિ તા.૨૭–૦૮–૨૦૦૮નાં રોજ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે મા.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાના વરદહસ્તે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

(૧) ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ) ખાતે આવેલ લાભુબાનગર સોસાયટીના સી.ઓ.પી. માં મંજુર પ્લાન વિરૂધ્ધ ના બાંધકામ નું ડીમોલીશન.

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા)માં ટી.પી. સ્કીમ નં. ૩૪ (મગોબ–ડુંભાલ), ફા.પ્લોટ નં. ર૭ /બી, લાભુબાનગર સોસાયટીના સી.ઓ.પી.માં મિલકતદાર શ્રી મહેન્દ્રભાઈ રાવલભાઈ ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ આશરે ૩૩' × ૩૬' માપ વિસ્તારમાં એટલે કે ૧૧૮૮ ચો.ફૂટ માપ વિસ્તારમાં કરેલ આર.સી.સી. ફુટીંગનું ગેરકાયદેસર બાંધકામ તેમજ ફુટીંગ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વઝોનના દબાણ ખાતાની મદદથી પાર પાડવામાં આવેલ છે.

(ર) સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) માં વરાછા મેઈન રોડ, મોહનની ચાલ ટી.પી.સ્કીમ નં. ૪(અશ્વનીકુમાર–નવગામ),ફા. પ્લોટ નં. ૧૮૮ પૈકીમાં ભોંયતળિયે એ પરવાનગી વિના આશરે ૪૮૦ ચો.ફુટ માપ વિસ્તારમાં સીમેન્ટના પતરાની છતવાળી ૮(આઠ) દુકાનોનું ગેરકાયદેસર બાંધકમ કરવામાં આવેલ. જે દુકાનમાં વસવાટ પણ ચાલુ થયેલ અત્રેથી વસવાટ ખાલી કરાવી આ ૮(આઠ) દુકાનના રોલીંગ શટર્સ અત્રેથી દુર કરવામાં આવેલ છે. તથા મિલ્કતદારે દિવાલ તથા છત દિન–૩ (ત્રણ) માં જાતે દુર કરવા માટે લેખિત બાંહેધરી આપેલ છે. તેમજ ડિમોલીશન ડિપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– જમાં લેવામાં આવેલ છે. અને રૂા. ૩,૫૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ), ફા.પ્લોટ નં.૧૦૮ ઓપન સ્પેસમાં રીઝર્વેશનમાં ર૦ જેટલી દુકાનો ડિમોલીશન કરી હસ્તગત કરવાની કામગીરી.

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન (વરાછા) માં ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) ના ફા.પ્લોટ નં.૧૦૮માં સુરત મહાનગરપાલિકાના ઓપન સ્પેશ માટેના હેતુનું રીઝર્વેશન હતુ તેમાં સંતોષીનગર તરફના ૧૫૦'ના રોડ ઉપર તથા લંબે હનુમાન રોડના જંકશન ઉપર ગાયત્રીનગર સોસાયટીની આગળના ભાગે સ્કુલનો કબજો હતો, તે પૈકી તા.૧૧/૦૮/ર૦૦૮ ના રોજ સુરત મહાનગરપાલિકાએ ડીમોલીશન કરી અંદાજે ૬૦૦૦ ચો.ફુટનો કબજો પ્રસ્થાપિત કર્યો હતો. તે વખતે આજ પ્લોટમાં રોડ બાઉન્ડ્રી ઉપર અંદાજે ર૦ જેટલી દુકાનોના કબ્જેદારોએ થોડા સમયની મુદ્દત માંગી અરજ કરી હતી. હવે તેમને આપવામાં આવેલી આ મુદ્દત પુરી થઈ ગઈ હોવા છતાં આજદિન સુધી દુકાનદારો તરફથી કબજો ખાલી કરવામાં આવતો ન હતો.

આથી આજરોજ પૂર્વઝોન (વરાછા) ના દબાણ ખાતાના સ્ટાફે આ દુકાનો ઉપર હથોડા ઝીંકયા હતા. અને ખાયબદેલા દુકાનદારોને કડક હાથે ખદેડી મુકી તમામ વીસે વીસ દુકાનનો કબજો સુરત મહાનગરપાલિકાએ હસ્તગત કરેલ છે. અને અંદાજે ૩૦૦૦ ચો.ફુટ જેટલી અતિ કિંમતી જગ્યા પર સુરત મહાનગરપાલિકાએ પોતાનો કબજો પ્રસ્થાપિત કર્યા છે. જેથી કરંજ અને કાપોદ્રા વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની જગ્યા ઉપર ગેરકાયદેસર કબજો જમાવી બેઠેલા અસામાજીક તત્વોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

TOP

## કતલખાના બંધ રહેવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું  કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧–૦૩–૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮, તા. ૨૬–૦૬–૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ તા. ૨૭–૦૮–૨૦૦૮ થી તા. ૦૩–૦૯–૨૦૦૮ સુધી તેમજ દિગંબર જૈન સંવત્સરી (અનંત ચતુર્દશી)/ ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૧૪–૦૯–૨૦૦૮ ના  દિને એમ કુલ નવ દિવસો બંધ રહેશે.

TOP

# કવિ નર્મદ જન્મ જયંતીની ઉજવણી



સુરત મહાનગરપાલિકા તરફથી સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક કવિનર્મદ જન્મ જયંતી નિમિત્તે તા. ૨૪–૦૮–૨૦૦૮ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ પ્રસંગે મા. મેયરશ્રી રણજસતભાઈ ગીલીટવાલા, ડે. મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી ડૉ. જગદીશભાઈ પટેલ, ન.પ્રા. શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગર, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના "જય જય ગરવી ગુજરાત" અને બીજા અનેક ગીતો ગાઈને કવિ નર્મદને સુતરાંજલિ અર્પી હતી.

TOP

## સાંસ્કૃતિક કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા માટે તા.૨૬.૮.૨૦૦૮ના રોજ રંગઉપવન ચં.ચી.મહેતા નાટયગૃહ, સુરત ખાતે વર્ષા ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૭૨ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતીબેન કોઠીયા,સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. પ્રથમ વિજેતાને ટ્રોફી તથા પ્રમાણપત્ર મા.ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, નિર્ણાયકશ્રીઓ દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. પ્રાથમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતા તથા આશ્વાસન ઈનામો સહિત કુલ ૧૦ તથા માધ્યમિક વિભાગમાં ૮ મળી કુલ ૧૮ શાળાઓને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.વર્ષા ગીત સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતાક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| **પ્રથમ વિજેતા** | શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાલય | બાઈ પી.મા.પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ |
| **દ્વિતીય વિજેતા** | ૧) બાઈ પી.મા.પટેલ ગર્લ્સ સ્કુલ<br>૨) કે. એસ. જોષી ઈંગ્લીશ મીડી.સ્કૂલ | ૧) અંબાબા ગર્લ્સ હાઈસ્કૂલ<br>૨) પી.પી.સવાણી વિદ્યાભવન |
| **તૃતીય વિજેતા** | અર્ચના વિદ્યાલય | શ્રીમતી ક.લ.શ.ખાંડવાલા સાર્વ.હાઈ. |
| **આશ્વાસન ઈનામ વિજેતા** | ૧)શ્રી ડી. એન્ડ પી. એ.શાહ વિદ્યાલય<br>૨)ધી ડાયમંડ જયુબીલી બેંક પ્રા.ગુજરાતી કન્યાશાળા<br>૩) પી.પી.સવાણી વિદ્યાભવન<br>૪) આશાદીપ વિદ્યાલય<br>૫) આર.બી.ઘામી વિદ્યાલય<br>૬) વી. એન. ગોધાણી કન્યા વિદ્યાલય | ૧) લોકભારતી વિદ્યાલય<br>૨) શ્રીમતી એલ.પી. સવાણી વિદ્યાભવન<br>૩) આર.બી.ઘામી વિદ્યાલય<br>૪) અર્ચના હાઈસ્કૂલ |

સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી સતીષભાઈ રેવર, શ્રીમતી ગીતાબેન ઠકકર, શ્રીમતી માયાબેન દેસાઈ તથા પરાશરભાઈ ઉપાધ્યાયે સેવા આપી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જે મુજબ આજ તા:૨૩/૦૮/૨૦૦૮ ના રોજ સરદાર પટેલ કોમ્યુનીટી હોલ, ગણેશપુરા પોલીસ ચોકીની સામે, અમરોલી, સુરત ખાતે સવારે ૦૯–૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળા,ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેશાઈ,આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ,રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા,કતારગામ ઝોનના મ્યુ.સદસ્યા શ્રીમતિ રેણુકાબેન શાહ, શ્રીમતિ કંચનબેન પ્રજાપતિ, શ્રીમતિ ગીતાબેન પટેલ, મ્યુ.સદસ્યશ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ, શ્રી મનહરભાઈ પટેલ, શ્રી સતીષભાઈ પટેલ, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ, કતારગામ ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.જે.ગામિત, આરોગ્ય અધિકારીશ્રીડો.હેમંત દેસાઈ,કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.ચૌહાણ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.મહેન્દ્ર પટેલ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ પ્રાસંગીક ઉદ્દબોધન કરી કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.

આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ તથા રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા એ પ્રાસંગિક પ્રવચનમાં મહાનગરપાલિકાના પ્રયત્નોથી રોગ ચાળાનું પ્રમાણ ઘટવા પામેલ છે જેથી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની કામગીરીને બીરદાવી હતી. સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ હતુ.

ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે," ચોમાસા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ રહે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિવિધ રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી પ્રચારપત્રિકા,ઓડીયો–વિડીયો વિઝયુલ દ્વારા રોગોની જાણકારી તથા અટકાયત અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવે છે જેનો નાગરિકો દ્વારા અમલ કરવામાં આવે તો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાય.

**Continue ...**

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં સુરત મહાનગરપાલિકા મારફતે ગરીબ/સ્લમ વિસ્તારના નાગરીકોને આરોગ્ય સેવાનો લાભ મળી શકે તે માટે તેઓના ઘર આંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેનો લાભ લેવા નાગરીકોને જણાવ્યું હતુ.નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો.ગુજરાત સરકાર દ્વારા માતૃ બાળ સંજીવની સુરક્ષા યોજના કાર્યક્રમ હાથ ધરવામા આવ્યો છે તે મુજબ દરેક શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે '' મમતા દિવસ '' ની ઉજવણી થાય છે .જેથી ખાસ કરીને સ્લમ વિસ્તાર તથા ગરીબ કામદાર બહેનોએ બહોળા પ્રમાણમાં લાભ લેવો જોઈએ. બહેનો સગર્ભાવસ્થા દરમ્યાન,પ્રસુતિ પછી તથા નવજાત બાળકની સંભાળ,સારવાર, સલાહ વિગેરે બાબતની જાણકારી મેળવે તો તેઓમાં જાગૃતિ આવશે જેથી બાળ મૃત્યુ દરનું પ્રમાણ ઘટાડી શકાય તેમ જણાવ્યુ હતુ.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ગણેશપુરા, અમરોલી તથા આસપાસ વિસ્તારના ૫૧૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૧૨,ચામડીના નિષ્ણાત દ્વારા ૯૨, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૪, બાળરોગ નિષ્ણાત દ્વારા ૫૯, ફિઝીશ્યન દ્વારા ૧૪૦ અને સર્જન દ્વારા ૨૬ તથા મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૫૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૨૨ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૫૯ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૨૦ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડસ,ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો,બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૨૩૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૨૨ ઓરલ પીલ્સ ૧૨ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૨૮૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૮ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૧૫૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા મેના નગર, અડાજણ સ્વામીનારાયણ મંદિર પાસે, ઈકબાલ નગર કોઝવે પાસે, દિન દયાઈ સોસા., ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ વરાછા, તુલસીનગર ઉધના, નવુ રામનગર ઉધના, રૂઘનાથપુરા સ્વામીનારાયણની વાડી, વિસ્તારમાં કરવામાં આવેલ કેમ્પોમાં ૮૮૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ** આગામી વિના મુલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ ૩૦/૦૮/૦૮ના રોજ સુલતાનાબાદ (ડુમસ), લંગરપાસે, સુરત ખાતે રાખવામાં આવેલ છે.જેનો સુરત શહેરના તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## આકારણી વિભાગની એરીયા બેઈઝડ આકારણી બાબત

સને ૧૮૪૯ ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમમાં એરીયા બેઈઝડ આકારણી અંગે રાજય સરકારશ્રી ધ્વારા કરવામાં આવેલ સુધારો ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા સામાન્ય સભાના તા. ૧૫–૦૨–૨૦૦૭ ના ઠરાવ નં. ૯/૨૦૦૭ અન્વયે તા. ૧–૦૪–૨૦૦૮ થી નવી આકારણીની પધ્ધતિ અમલમાં મુકેલ છે. સને ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષની આકારણી અંગે, આકારણી અને વસુલાત વિભાગ તરફથી તમામ કરદાતાઓને ખાસ નોટીસ આપવાની કામગીરી હાલમાં ચાલુ છે. આકારણી દફતરે મિલ્કત અંગેની કરવામાં આવેલ નોંધ (જેવી કે –મિલ્કતની ઉંમર, મિલ્કતનું માપ, ઉપયોગનો પ્રકાર, ભોગવટો કરનાર વિગેરે) ની વિગતોમાં કોઈ વિસંગતતા જણાય તો કોઈ પણ કરદાતા તે અંગેની રજુઆત કરી શકે તે માટે નાગરિક સુવિધા કેન્દ્રમાં અને ઝોનના જે તે આકારણી અને વસુલાત વિભાગમાં પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. જેની સૌ કરદાતાઓએ નોંધ લેવા વિનંતી.

TOP

## એરિયા બેઈઝડ આકારણીના સંદર્ભે મા. મેયરશ્રીનુ સૂચન

આજરોજ એરિયા બેઈઝડ આકારણીના સંદર્ભે શહેરીજનો મારફત થતી ફરિયાદોના નિવારણ માટે માનનીય મેયરશ્રીના અધ્યક્ષસ્થાને એક તાકીદની મીટીંગનુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી તેમજ શાસક પક્ષના નેતાશ્રી હાજર રહયા હતા. વહીવટી તંત્ર તરફથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અને આસી.કમિશ્નરશ્રી (ફાઈનાન્સ) ને હાજર રાખવામાં આવ્યા હતા. પદાધિકારી તરફથી શહેરીજનો ધ્વારા કરવામાં આવતી વિવિધ પ્રકારની ફરિયાદોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબના અગત્યના નીતિ વિષયક નિર્ણય લેવામાં આવ્યા હતા અને તેનો અમલ તાત્કાલિક અસરથી કરવા માનનીય મેયરશ્રીએ વહીવટી તંત્રને સૂચના આપી હતી.

૧. સુરત શહેરના કોઈપણ ઝોનમાં મિલ્કતની આકારણી અંગે મ્યુનિસિપલ દફતરે નોંધાયેલ વિગતોમાં કોઈ ફેરફાર/ વિસંગતતા હોય તો તેમાં સુધારો કરવા માટે કોઈપણ નાગરિક તેવી મિલ્કતનું સને ૨૦૦૮–૦૯ નુ વેરાબીલ નીકળે ત્યાં સુધી અરજી રજુ કરી શકશે. તેવી અરજી રજુ કરવા માટે સમયમર્યાદાનો બાધ લાગુ પાડવાનો નથી.

૨. ખાસ કરીને સુરત શહેરના કોટ વિસ્તારના એટલે કે સેન્ટ્રલ ઝોનના નાગરિકો તરફથી મળેલ ફરિયાદનુ વિશ્લેષણ કરતાં જે ઘરમાં લઘુ ઉદ્યોગ (દા.ત. જરી ઉદ્યોગ) ચલાવી ગુજરાન કરે છે તેવી મિલ્કતને કોમર્શીયલ ગણી જે ખાસ નોટિસ આપવામાં આવી હતી તેને બદલે તેને લઘુ ઉદ્યોગ તરીકે (સેલ્ફ એમ્પ્લોઈનો કોડ લાગુ પાડી) રહેઠાણનો દર લાગુ પાડવા સુચના આપવામાં આવી.

૩. જે કોઈ નાગરિક આકારણી દફતરે થયેલ નોંધમાં ફેરફાર કરાવવા માંગતા હોય તેઓ સાદા કાગળ ઉપર પણ અરજી કરી શકશે. તેમ છતાં જો કોઈ નાગરિક નિયત નમુનામાં અરજી કરવા માંગતા હશે તો તેઓએ રૂા.૨૫/– અરજીની ફી ભરવાની રહેશે નહિ. આવી અરજીઓ નાગરિક સુવિધા કેન્દ્ર ઉપર અને જે તે ઝોનની કચેરીએ પણ સ્વીકારવાની રહેશે.

૪. વાંધા સુચન અરજીમાં નાગરિકો પોતાની મિલ્કતની ઉંમર, વપરાશનો પ્રકાર, ક્ષેત્રફળ, વિસ્તારનો ભારાંક કે અન્ય કોઈપણ પ્રકારની ક્ષતિ અંગે ફરિયાદ કે વાંધો જરૂરી પુરાવા સાથે રજુ કરી શકશે. વહીવટી તંત્ર ધ્વારા આ અંગેની તપાસ કરીને ઘટતી કાર્યવાહી કરવામાં આવશે.

૫. સુરત શહેરના કોટ વિસ્તાર એટલે કે સેન્ટ્રલ ઝોનમાં અને ગામતળના અન્ય વિસ્તારોમાં કે જયાં ખાસ નોટિસ વહેંચવાની કામગીરી ચાલુ છે તેને સ્થગિત કરી તમામ નોટિસોમાં દર્શાવેલ વિગતોની આકારણી દફતરે થયેલ નોંધ સાથે ચકાસણી કર્યા બાદ ઈસ્યુ કરવા માટે સુચના આપવામાં આવી.

૬. દરેક ઝોનમાં એરિયા બેઈઝડ આકારણી પધ્ધતિની સમજ આપવા માટે એક અલાયદું કાઉન્ટર રાખવા અને તેમાં એક જવાબદાર કર્મચારીને હાજર રાખી નાગરિકો તરફથી એરિયા બેઈઝડ નવી આકારણીની પધ્ધતિ બાબતે ઉદ્‌ભવતા પ્રશ્નોની વ્યવસ્થિત સમજ આપવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવા સુચના આપવામાં આવી.

વધુમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા નવી દાખલ કરવામાં આવેલ એરિયા બેઈઝડ આકારણીની પધ્ધતિમાં શહેરીજનોને જે કોઈ વાંધો / ફરિયાદ હોય તેનો સમયસર નિકાલ થાય તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા મેયરશ્રીએ વહીવટી તંત્રને સુચના આપીને શાસકો સામાન્ય નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે કટિબધ્ધ હોવાનો અને લોકોના પ્રશ્નોના નિકાલ માટે તત્પર હોવાનુ જણાવી વહીવટી તંત્રને તે મુજબ કામગીરી કરવા સ્પષ્ટ સુચના આપી સૌનો આભાર માની મીટીંગનુ સમાપન કર્યુ હતુ.

TOP

## કતારગામ (સીંગણપોર) ખાતે તરણકુંડની ઉદ્ઘાટનવિધિ તા.૨૭–૦૮–૨૦૦૮નાં રોજ

સુરત મહાનગરપાલિકા દ્વારા કતારગામ (સીંગણપોર) ખાતે તરણકુંડની ઉદ્ઘાટનવિધિ તા.૨૭–૦૮–૨૦૦૮નાં રોજ મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે મા.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાના વરદહસ્તે સંપન્ન થઈ. અતિથિ વિશેષશ્રીઓ મા.ડે.મેયર શ્રીમતિ કૌશીકાબેન પી.દેસાઈ, મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી મુકેશભાઈ દલાલ, મા.નેતાશ્રી, શાસક પક્ષ ર્ડા.જગદીશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.



કતારગામ (સીંગણપોર) ખાતે મહાનગરપાલિકાનો ચોથો ઓલમ્પિક કક્ષાનો તરણકુંડ ૩ કરોડ ૭૫ લાખના ખર્ચે સાકાર કરવામાં આવ્યો છે. તેનું ક્ષેત્રફળ ૫૯૪૦ ચો.મી. છે. જેની સાઈઝ ૨૫ × ૫૦ મીટર ઉંડાઈ ૧.૨૦ મીટર થી ૩.૮૫ મીટર છે. એડમીનીસ્ટ્રેટીવ બિલ્ડીંગમાં ૧ કલોઝ શાવર રૂમ, ટોયલેટ બ્લોક, ૨ ચેઈન્જ રૂમ / લોકર રૂમ, સ્ટોરરૂમ, ઓફિસરૂમ, ફોયર, ફીલ્ટરેશન પ્લાન્ટ રૂમ, શાવર રૂમમાં ૬૦ શાવરની સુવિધા ઉપલબ્ધ છે. સદર તરણકુંડમાં ૯ લેઈન ટ્રેક, ૧૦ સ્ટાર્ટર બ્લોક તથા શીટીંગ માટે આર.સી.સી.અંબ્રેલા નંગ–૫ની સુવિધા પણ ઉપલબ્ધ છે.

રાંદેર ખાતે જોગાણીનગર તરણકુંડ, રૂસ્તમપુરા તરણકુંડ ઉપરાંત મહારાણા પ્રતાપ ઉધાન ખાતેનાં અન્ય ત્રણ સ્વીમીંગપુલ પણ ઓલમ્પિક કક્ષાનાં છે. આ ચારેય તરણકુંડનું ક્ષેત્રફળ ૫૯૪૦ ચો.મી. છે. ૨૫ મીટર × ૫૦ મીટરની ઓલમ્પિક કક્ષાની નિયત લંબાઈ આ તરણકુંડમાં છે. મનપા દ્વારા શહેરમાં હાલ ૧૦ તરણકુંડો કાર્યરત છે. જેમાં કુલ ૬૩ હજાર સભ્યો છે. સીંગણપોર સ્વીમીંગપુલ આવતીકાલથી ખુલ્લો મુકાયા બાદ આ સભ્યોની સંખ્યા વધશે. આમ અંદાજે ૧ લાખ નાગરિકો તરણકુંડ સુવિધાનો લાભ લઈ શકશે.

આ પ્રસંગે વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, કમિશનરશ્રી, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ બહોળી સંખ્યામા પ્રજાજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP